


સંવત 2083નું વર્ષ ગુજરાત માટે રાજકીય ક્ષેત્રે મોટા બદલાવ લાવશે



ઈ.સ. 2027 એટલે સંવત 2083નું વર્ષ ગુજરાત રાજ્ય માટે રાજકીય ક્ષેત્રે અનેક મોટા બદલાવનું રહેશે. મોટા કદાવર નેતાઓ ઘરભેગા થશે, નવા ચહેરાઓને સ્થાન મળશે. મંત્રીમંડળમાં પણ ફેરફારો જોવા મળશે. કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત રાજ્યને વિશેષ દરજ્જાની સવલતો-સગવડો પ્રાપ્ય થશે.

ગુજરાત રાજ્ય માટે આ વર્ષના ગ્રહયોગો જોતાં રાજકીય ક્ષેત્રે મોટી ઊથલપાથલ થવાની સંભાવના દેખાઈ રહી છે. ડિસેમ્બર-2006થી મે-2007 સુધીનો સમય અફરાતફરીવાળો સમય ગણાયો અને તેમાં પણ ખાસ કરીને ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં વિશેષ અણબનાવો બની શકે. ગુજરાત રાજ્યમાં કાનૂની દૃષ્ટિએ ક્રાઈમ ઘટાડવા માટે નવા કાયદાઓનો અમલ કરવામાં આવે.

ધર્મના નામે ધર્મયુદ્ધ જેવાં દૃશ્યો જોવા મળે. અનામત મુદ્દે મોટાં આંદોલનો થાય. તેમાં બનાવટી લોકોનો પર્દાફાશ થાય! વિધર્મીઓ દ્વારા સનાતની ધર્મસ્થાનો પર અટકચાળા જેવી પ્રવૃત્તિઓથી આમ જનતામાં રોષ જોવા મળે.



જડીબુટ્ટી

નજુમી

રાજકારણ ક્ષેત્રે પૂરા માળખામાં ઉપરથી નીચે સુધી ફેરફારોની શક્યતા રહેલી છે. કદાચ ગુજરાત રાજ્યને મુખ્ય મંત્રી તરીકે યુવાન અને નવા ચહેરાની નિમણૂક થાય તો નવાઈ નહીં! પરંતુ બીજી તરફ મોંઘવારી માઝા મૂકશે. જીવન જરૂરિયાતની વસ્તુઓમાં ભાવવધારો થાય. સત્તા પક્ષ અને વિરોધ પક્ષની લડાઈમાં પ્રજાનો મરો થાય. આ વર્ષે ટોચના નેતાઓ, ઉદ્યોગપતિઓનાં

મુખ્ય મંત્રી તરીકે યુવાન તેમ જ નવા ચહેરાની નિમણૂક થાય તો નવાઈ નહીં


મસમોટાં કૌભાંડો બહાર આવશે.

કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત રાજ્ય માટે રોજગારીની વિશેષ પ્રકારની તકો ઊભી કરવામાં આવે જેનાથી યુવાવર્ગમાં ખુશી ફેલાય. પરંતુ આ સિક્કાની બીજી બાજુ ડ્રગ્સ જેવાં નશીલા પદાર્થોની ચુંગાલમાં યુવાધન નાશ પામે. તેને અટકાવવા માટે પોસ્કો જેવા કાયદાઓનું ચોક્કસ પાલન કરવામાં આવે. સિક્યુરિટી વધારીને મોટા પ્રમાણમાં ડ્રગ્સ-દારૂ જેવા નશીલા પદાર્થોનો જંગી માલ પકડવામાં સફળતા મળે... તેનો છેડો મોટા નેતા-ઉદ્યોગપતિ સુધી પહોંચે! રમતગમત ક્ષેત્રે આખા ભારત દેશમાં ગુજરાત આગવું સ્થાન ધરાવે. બનાવટી ધર્મગુરુઓ બનેલાઓનો પર્દાફાશ થાય. રાજ્યનાં મુખ્ય ધર્મસ્થાનો પર આતંકવાદી પ્રવૃત્તિ જેવા ગુંડાગર્દી... લુખ્ખા તત્ત્વો દ્વારા નુકસાન પહોંચાડવાની કોશિશ થાય.આ વર્ષના ગ્રહયોગો ઓવરઓલ ગુજરાત રાજ્ય માટે સારા કહી શકાય. દરેક બજારોમાં ભાવો વધે. મકાન, ભૂમિ (જમીન) જગ્યાના ભાવોમાં તેજી રહે. દૂધ અને તેમાંથી બનતી ચીજવસ્તુઓ પણ મોંઘી થાય. રેતી, સિમેન્ટ, કપચીના ભાવ વધે. પેટ્રોલિયમ પેદાશોના ભાવ વધે. મધ્યમ વર્ગની પ્રજાનો મરો થાય.ભારત દેશનાં અન્ય રાજ્યો માટે ગુજરાત રાજ્ય રોલ-મોડેલ બને. ભારતનાં દરેક રાજ્યો ગુજરાતની નોંધ લે. રાજ્યમાં NSFUના કારણે સાયબર ડિવિઝન, ક્રાઈમ બ્રાન્ચ તેમ જ સમગ્ર ગૃહખાતું નવી ટેક્નોલોજીથી મજબૂત બને. ગૌમાતાને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા માટે ગાયનાં પ્રેમીઓ જનતા આંદોલનના માર્ગે જાય.

આ વર્ષે વરસાદ પડવાથી ખેતી-પાકને નુકસાન થાય. ગુજરાત રાજ્યના વિકાસની નોંધ ભારત દેશ તેમ જ અન્ય દેશોમાં લેવાય. રાજ્યમાં ગૃહખાતું મજબૂત બને. રાજ્યમાં સાયબર બ્રાંચ, ક્રાઈમ બ્રાંચની મહેનતથી ક્રાઈમ રેટમાં ઘટાડો થાય. ગુજરાતની જનતા સુખી થાય એવી નૂતન વર્ષે પ્રાર્થના.

કારતક માસનું ફળ

આ માસમાં પાંચ મંગળવાર હોવાથી લોક સુખાકારી મધ્યમ રહે. નાણાંકીય ક્ષેત્રે દેશમાં નવા સંપર્કો બનશે, તેમજ આયાત-નિકાસની નવી તકો ઊભી થઈ શકે. વર્ષારંભ આશાસ્પદ જણાય. ખેતીમાં નવા પાક અને આગામી ઋતુ માટે નવું આયોજન થશે. અનાજ, તેલ, તેલીબિયાંમાં તેજી થાય. પાંચ મંગળવાર હોવાથી સત્તાધારી નેતા માટે સમય કપરો ગણાય. સોના-ચાંદીમાં સામાન્ય વધઘટ જોવા મળે. પડોશી દેશો સાથે વિવાદ તેમ જ સરહદ પર યુદ્ધનું વાતાવરણ રહે. કુદરતી ઘટનાઓ, વરસાદ તેમ જ કયાંક કરાથી જીવન અસ્તવ્યસ્ત થાય.



કપડા-સૂતર-યાન...જમીન-મકાન અને બિલ્ડરોને તેમજ ડાયમંડ બજારની તેજી-મંદી આ વર્ષે કેવી રહેશે?

સિંહસ્થ ગુરુથી બજારમાં વધ-ઘટ સાથે બજાર તેજી તરફ રહેશે શરૂઆતના બે મહિના સુધી તૈયાર મકાનોના સોદા અટો એવા યોગો છે!

કપડાં, સૂતર, યાન – આ બજાર ઉપર ચંદ્ર-બુધ અને શુક્રની સંપૂર્ણ અસર જોવા મળે. સૂતર-કપડાં તૈયાર વસ્ત્રોમાં તુલા રાશિનું મહત્ત્વ છે.

વર્ષારંભે ગુરુ સિંહમાં, શનિ મીનમાં અને રાહુ કુંભમાં ભ્રમણ કરે છે... તેથી રૂ, સૂતર, કાપડ, યાનમાં જનરલ લાઈન તેજીની રહેશે. બજારમાં ૭૦% તેજી અને ૩૦% મંદી જોવા મળશે. વર્ષારંભે બજારમાં મંદીનાં રિએક્શનો વચ્ચે ધીમી ગતિએ તેજીનો વેગ જોવા મળે. કાપડ-સૂતરના વેપારી માટે આ વર્ષ તકલીફકર્તા બને.

તા. ૧૨-૦૧-૨૦૨૭ સુધી બજારમાં મંદિરનો માહોલ સર્જાય. ત્યાર બાદ ઘરાકીના કારણે માલનો ભરાવો ઓછો થાય અને બજારમાં તેજીનો માહોલ આવે.

તા.૨૪-૦૨-૨૦૨૭ બજારમાં બે બાજુની વધઘટથી આંશિક મંદી જણાય. પરંતુ તે લાંબો સમય ચાલશે નહીં.

તા. ૧૨-૦૪-૨૦૨૭થી બજારમાં તેજીની પ્રબળતા વધશે. ગ્રહોના પરિવર્તનથી બજાર તેજીમાં રહેલો રહેશે. ક્યાંક ઝડપી અને સારી.

તેજીના યોગ બને. તા. ૦૩-૦૬-૨૦૨૭થી કાપડ બજારમાં આંશિક તેજી ચાલુ રહેશે... તેમાં ક્યાંક ક્યાંક મંદીનાં રિએક્શનો આવે. નાના વેપારીઓને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

તા. ૨૪-૦૯-૨૦૨૭ બજારમાં તેજીનું જોર ઘટે. બજારમાં ઘરાકી ઘટતી જણાશે.

તા.૦૩-૧૦-૨૦૨૭થી વર્ષ આખર સુધી કાપડ-સૂતર-યાન-સિન્થેટિક કાપડ બજારમાં તેજી રહે. ઘરાકી વધતી જણાય.

જમીન-મકાન લે-વેચ તેમજ બિલ્ડરોને આ વર્ષ કેવું રહેશે?

સંહિતા ગ્રંથોમાં 'મંગળ'ને 'ભૂમિપુત્ર' કહ્યો છે. મંગળ- મેષ અને વૃશ્ચિક રાશિનો સ્વામી છે. મેષ રાશિ અગ્નિતત્ત્વની રાશિ છે; જ્યારે વૃશ્ચિક જળતત્ત્વની રાશિ છે. પૃથ્વીનો પતિ સૂર્ય (વિષ્ણુ-વરાહ) છે. આમ સિંહ અને મેષ રાશિ ઉપર ભૂમિની અસર જોવા મળે છે.

વર્ષનાઆરંભેમંગળકર્કમાંહોવાથીબજારમાંસામાન્ય મંદીનો માહોલ જોવા મળશે. શરૂઆતના બે મહિના સુધી તૈયાર મકાનોના સોદા અટકે એવા યોગો બનશે.

તા.૨૫-૦૧-૨૦૨૭થી સ્થાવર-ભૂમિ-મકાનનું બજાર ધીમી ગતિએ આગળ વધશે. તૈયાર મકાનોમાં ઘરાકી સામાન્ય રહે.

તા. ૦૯-૦૩-૨૦૨૭થી સ્થાવર-ભૂમિ-મકાન બજારમાં જમીન કૌભાંડો બહાર આવશે. જમીન તેજ જમીન અને મકાન ખરીદનારાએ સાવચેતી રાખવી. બજારમાં નાણાંભીડ વધે. જમીન સંબંધી કાર્યો કરનાર દલાલોએ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે.

તા. ૨૬-૦૪-૨૦૨૭થી બજારમાં તેજીનો પવન ફૂંકશે. જમીન-મકાનોના ભાવોમાં આંશિક વધારો આવે, જે લાંબો સમય ચાલશે નહીં.

તા. ૨૭-૦૬-૨૦૨૭થી બિલ્ડર વર્ગને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડશે. ઘરાકી ઘટવાથી બજાર મંદી તરફ જશે.

તા. ૨૩-૦૮-૨૦૨૭થી જમીન-મકાનની કિંમતમાં વધારો થતો જણાશે. બજારમાં તેજીનો પગપેસારો થશે. જમીનની કિંમતમાં મોટો ઉછાળો આવે. જૂનાં મકાનોના ભાવમાં વધઘટ જોવા મળે.

તા. ૦૮-૧૦-૨૦૨૭થી વર્ષ આખર સુધી બજારમાં મકાનોની ખરીદી વધે. ઝડપ અને સારી તેજી જોવા મળે. તૈયાર મકાનોના સોદા વધવાથી કિંમતમાં મોટો ઉછાળો જોવા મળશે.

હીરા બજાર

ઝવેરાતમાં અગ્રગણ્ય હીરો (ડાયમંડ) ગણાય છે. હીરાનો અધિપતિ ગ્રહ 'શુક્ર' ગણાય છે. તેની ઉપર બે રાશિઓનો પ્રભાવ જોવા મળે છેઃ તુલા અને વૃષભ રાશિઓમાં તુલા રાશિનો અતિપ્રભાવ હીરા બજાર ઉપર જોવા મળે. વર્ષારંભે શનિ મીનમાં, રાહુ કુંભમાં રહે છે.

ગુરુ સિંહ રાશિમાં રહેશે. તમામ ઝવેરાતમાં હીરાનું મહત્ત્વ અનોખું છે. સિંહસ્થ ગુરુથી બજારમાં વધ-ઘટ થઈને બજાર તેજી તરફ રહેશે.

તા. ૨૧-૧૧-૨૦૨૭થી હીરા-ઝવેરાત બજારમાં થોડો તેજીનો ચમકારો જોવા મળશે. બજારમાં સારી એવી તેજી જોવા મળશે. વચ્ચે વચ્ચે મંદીનાં રિએક્શનો સાથે બજાર તેજી તરફ આગળ ધકેલાય. ઓરિજિનલ હીરાના ભાવોમાં વધારો આવે.

તા. ૨૪-૦૧-૨૦૨૭થી બજાર સ્થિર થવાના પ્રયત્નો કરે. આ સમય દરમિયાન સાવચેતીપૂર્વક વેપાર કરવો.

નવા વર્ષે રાજયોગો થવાથી બારેય રાશિઓ માટે શુભ જ શુભ

કાળચક્ર

યજ્ઞાનંદ

8 નવેમ્બર 2026 પર તુલા રાશિમાં સૂર્ય, બુધ અને શુક્રની યુતિથી 'બુધાદિત્ય રાજયોગ' અને 'શુક્રાદિત્ય રાજયોગ'નો વિશેષ સંયોગ બની રહ્યો છે. આ સિવાય કર્ક રાશિમાં 'લક્ષ્મી યોગ' નો પ્રભાવ પણ જોવા મળશે.

દિવાળી 2026માં ગ્રહોની વિશેષ સ્થિતિ છે. દેવગુરુ બૃહસ્પતિનું પણ 31 ઓક્ટોબર 2026ના રોજ સિંહ રાશિમાં પ્રવેશ પણ બધી 12 રાશિઓના જીવન પર ઊંડો પ્રભાવ આપશે.

જ્યોતિષ અનુસાર આ યોગ બુદ્ધિ, કારોબાર, સંવાદ, કૌશલ, માન-સન્માન અને આર્થિક લાભ માટે બહુ શુભ માનવામાં આવે છે. તેની સાથે જ દિવાળી પર કેટલાયે પ્રકારના ઉપાયો પણ કરી શકાય છે. જેથી મા લક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત થઈ શકે.

મેષ: આ વર્ષ મેષ રાશિવાળાં જાતકોને આત્મવિશ્વાસમાં વધારો કરશે. તેની સાથે જ કાર્યક્ષેત્રમાં સફળતા હાંસલ પણ કરશે. તમારી અંદર સાહસ વધશે. કોઈ પણ કાર્યને તમે મન લગાવીને કરશો. બુધાદિત્ય રાજયોગ અને ગુરુના ગોચરથી વેપાર અને આર્થિક બાબતે લાભના નવા અવસરો પ્રાપ્ત થશે. પરંતુ ખર્ચા પર નિયંત્રણ તમારે રાખવું પડશે.

વૃષભ: જૂનું દેવું કે અટકેલાં-ફસાયેલાં નાણાં ધનની પ્રાપ્તિ થશે. પરિવારની સાથે સુખદ સમય વીતશે. વૃષભ રાશિનાં જાતકોની આર્થિક સ્થિતિમાં સુધારો આવશે. મા લક્ષ્મી અને ગણેશનું પૂજન કરો તો તેમાં ચોખાથી ભરેલા પાત્રમાં ચાંદીનો સિક્કો મૂકવો શુભ રહેશે.

મિથુન: મિથુન રાશિવાળાં માટે આ વખતની દિવાળી નવું વર્ષ ધનવર્ષા અને પારિવારિક સુખની પ્રાપ્તિ લઈને આવ્યું છે. આ રાશિનાં જાતકોએ ભગવાન ગણેશને દુર્વા અર્પણ કરવી તેમ જ તુલસીનો છોડ રાખવો શુભ રહેશે. કાર્યક્ષેત્રમાં અધિકારીઓનો સહયોગ મળશે. આવકમાં વધારો થશે.

કર્ક: કર્ક રાશિનાં જાતકોની કુંડળીમાં હંસ યોગના પ્રભાવથી સન્માન, માન-મર્યાદા અને માનસિક શાંતિ મળશે. ચાંદીમાં મોતી જડેલી વીંટી પહેરવી કે મોતીની માળા ખરીદવી શુભ રહેશે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે. રોકાણની બાબતે તમારે સાવધાની રાખવી.

સિંહ: દેવગુરુ બૃહસ્પતિ તમારી જ રાશિમાં ગોચર કરી ચૂક્યા છે, જેનાથી આત્મવિશ્વાસ અને સામાજિક માન-સન્માન વધશે. સિંહ રાશિનાં જાતકો માટે આર્થિક લાભના યોગ બની રહ્યા છે. હળદરથી રંગેલા પીળા ચોખા સમક્ષ મૂકવા અને સરસવના તેલનો દીવો પ્રવટાવવો.

કન્યા: આવક અને લાભની વાતમાં આ સમય ઘણો શુભ છે. પગારમાં વધારો કે વેપારમાં વધારે રૂપિયા અને નફો વધશે. રોકાણ સાથે સંકળાયેલા કેસમાં પણ લાભની સંભાવના રહે છે. આ દરમિયાન તમારી આર્થિક સ્થિતિ મજબૂત બની શકે છે. પરિવારમાં સુખ-સુવિધાઓ પર ખર્ચ કરવાનો અવસર મળશે. લાંબા સમયથી બનાવેલી કોઈ યોજનાને આગળ વધારવામાં સફળતા મળશે.

તુલા: સૂર્ય અને બુધની યુતિ (બુધાદિત્ય રાજયોગ) તમારી રાશિમાં જ બની રહ્યો છે. ધનલાભ, સંબંધોમાં મીઠાશ અને નવા રસ્તા ખૂલશે. આવકમાં વધારો થશે અને કમાણીના નવા રસ્તા ખૂલશે. નવા વર્ષે લક્ષ્મીજીને અત્તર, ચંદન અને સફેદ ફૂલ અર્પણ કરવાં.

વૃશ્ચિક: વૃશ્ચિક રાશિનાં જાતકોને નવું વર્ષ ઘણું જ શુભ રહેશે. નકારાત્મક ઊર્જા અને નડતરો દૂર થશે. શનિદેવ સમક્ષ સરસવના તેલનો દીવો પ્રગટાવીને કાળા તલ અર્પણ કરવા. જૂનાં અટકેલાં કામો ઝડપથી પૂરાં થશે. આર્થિક બાબતે તમારે થોડીક સાવધાની સાથે મોટો નિર્ણય લઈ શકો છો.

ધન: ભાગ્યનો સાથ જબરજસ્ત મળશે. ઉચ્ચ શિક્ષણ, વિદેશ યાત્રા, લાંબી દૂરની યોજનાઓમાં પણ સફળતા મળી શકે છે. ધન રાશિનાં જાતકો માટે નવું વર્ષ ભાગ્યવૃદ્ધિ અને ધાર્મિક કાર્યોમાં સફળતા મળવાના સંકેત છે. વિષ્ણુજીને તુલસી પત્ર અર્પણ કરવાં અને સોનાનાં આભૂષણ કે પિત્તળનાં વાસણ ખરીદવાં શુભ રહેશે.

મકર: કાર્યસ્થળ પર મહેનતનું ફળ મળશે. સંપત્તિ કે વાહન ખરીદવાના યોગ બની શકે છે. મકર રાશિવાળાં માટે આ વર્ષે એક સારો સંકેત એ છે કે, જૂનું ઋણ અને નડતરો સમાપ્ત થઈ જશે. દક્ષિણ દિશામાં કાળા તલ અને ઘીનો દીવો પ્રગટાવી રાખો તો સારું રહેશે.



કુંભ: કુંભ રાશિનાં જાતકો માટે ધનલાભ અને સામાજિક સન્માનમાં વધારાના યોગ બનશે. વાહન કે સ્ટીલનું વાસણ ખરીદવું તથા પાણીમાં કંકુ મિક્સ કરીને લક્ષ્મીજીને અર્પણ કરવું લાભકારક રહેશે. ભાગીદારીનાં કામોમાં લાભ થશે. દામ્પત્ય જીવન અને મિત્રોનો સહયોગ મળશે.

મીન: શનિ તમારી રાશિમાં છે. આરોગ્યનું ધ્યાન રાખવું અને સમજી-વિચારીને જ મોટું રોકાણ કરવું. ઘરમાં સુખ-શાંતિ જળવાઈ રહેશે અને લાંબા સમય સુધી નાણાંનો લાભ થશે. શનિ મીન રાશિમાં બેઠેલો હોવાથી સ્થિરતા આપશે. પિત્તળના દીવામાં ઘી રાખીને ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની આરાધના કરવી.

તુલસીવિવાહ કરાવવાથી આધ્યાત્મિક પારિવારિક લાભ મળે છે

જો ભગવાન ક્ષણભર પણ સૂતા નથી છતાં પણ ભક્તોની ભાવના-'યથા દેહે તથા દેવે' અનુસાર ભગવાન ચાર માસ શયન કરે છે. ભગવાન વિષ્ણુના ક્ષીરશયન વિષયમાં એ કથા પ્રસિદ્ધ છે, કે ભગવાને ભાદરવા માસની સુદ પક્ષની અગિયારસે મહાપરાક્રમી શંખાસુર નામના રાક્ષસને માર્યો હતો અને ત્યાર બાદ થાક દૂર કરવા માટે ક્ષીરસાગરમાં જઈને સૂઈ ગયા. તે ત્યાં ચાર મહિના સુધી સૂતા રહ્યા અને કારતક સુદ એકાદશીમાં જાગ્યા. તેનાથી આ એકાદશીનું નામ 'દેવોત્થાપની' કે 'પ્રબોધિની એકાદશી' પડી ગયું. આ દિવસે વ્રતના રૂપમાં ઉપવાસ કરવાનું વિશેષ મહત્ત્વ છે. ઉપવાસ ના કરી શકીએ તો એક સમય ફળાહાર કરવું જોઈએ. એકાદશીએ ભગવાન નામ-જપ-કીર્તનનું વિશેષ મહત્ત્વ છે. 4 મહિનાની યોગનિદ્રામાંથી ભગવાન વિષ્ણુ જાગશે. દેવઊઠી એકાદશી પર તુલસીના ઉપાયથી ખૂલશે કિસ્મતનાં દ્વાર દિવાળી પૂરી થયા બાદ હવે બધા દેવઊઠી એકાદશીની રાહ જુવે છે. દેવઊઠી એકાદશીની સાથે જ ચાતુર્માસનું સમાપન થઈ જાય છે અને ફરી વાર લગ્ન-વિવાહ સાથે સંકળાયેલ માંગલિક કાર્યોની શરૂઆત થઈ જાય છે.

બધાં એકાદશી વ્રતની જેમ આ એકાદશીમાં પણ ભગવાન વિષ્ણુ અને મા લક્ષ્મીજીની પૂજા કરવામાં આવે છે. દેવઊઠી એકાદશીની આ તકમાં તુલસીથી સંકળાયેલા ઉપાય કરવાથી મા લક્ષ્મી અને ભગવાન વિષ્ણુની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે.

દેવઊઠી એકાદશી ખરેખર ક્યારે છે?

આ વર્ષે દેવઊઠી એકાદશી 20 નવેમ્બર, શુક્રવારે સવારે 7 વાગ્યાને 15 મિનિટથી શરૂ થશે, જેનું સમાપન શનિવાર 21 નવેમ્બરે સવારે 6:31 મિનિટે થશે.

દેવઊઠી એકાદશી પર તુલસીનો ઉપાય

આ એકાદશીમાં માતા લક્ષ્મી અને ભગવાન શાલિગ્રામનો વિવાહ (લગ્ન) અને પૂજન કરવું અત્યંત શુભ માનવામાં આવે છે. આ દિવસે તુલસીજી જોડે કેટલાક ખાસ ઉપાય કરવાથી ઘરમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ આવે છે. આ દિવસે તુલસી માતાને શ્રદ્ધાપૂર્વક લાલ ચૂંદડી અર્પણ કરવી જોઈએ. આમ કરવાથી સૌભાગ્યવતી, સમૃદ્ધિ અને શુભતાનું પ્રતીક માનવામાં આવે છે.



આ દિવસે તુલસીજીની પાસે શ્રદ્ધાપૂર્વક 'નાડાછડી' બાંધવી જોઈએ અને પરિવારની સુખ - સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવી જોઈએ.

દેવઊઠી એકાદશીએ સાંજના સમયે તુલસીજીની પાસે ઘીનો દીવો પ્રગટાવવો અત્યંત શુભ માનવામાં આવે છે. આમ કરવાથી ભગવાન વિષ્ણુ અતિ પ્રસન્ન થાય છે. આ દિવસે તુલસી માતાને ફળ, ફૂલ અને મીઠાઈનો ભોગ ધરાવવો જોઈએ. આ સિવાય આ એકાદશી પર તુલસીજીની 7 કે 11 વાર પરિક્રમા કરવી. આમ કરવાથી ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે છે.

એકાદશીની મુખ્ય તિથિ અને મુહૂર્ત

ગૃહસ્થ: શુક્રવાર 20 નવેમ્બર 2026 એકાદશી તિથિ પ્રારંભ: 20 નવેમ્બર 2026ના રોજ સવારે 07:15 વાગ્યાથી

એકાદશી તિથિ સમાપ્ત: 21 નવેમ્બર 2026ના રોજ સવારે 06:31 વાગ્યા સુધી.

વ્રત પારણાંનો સમય :

21 નવેમ્બર 2026ના રોજ બપોરે 01:11 વાગ્યાથી બપોરે 03:18 વાગ્યાની વચ્ચે.

વૈષ્ણવ માટે એકાદશી વ્રત: શનિવાર, 21 નવેમ્બર 2026

વૈષ્ણવ વ્રતનાં પારણાંનો સમય : 22 નવેમ્બરે સવારે 06:49 વાગ્યાથી સવારે 08:56 વાગ્યની વચ્ચે.



સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

તા. 31-10-2026થી તા. 24-01-2027 સુધી ' સિંહસ્થ ગુરુ ' હોવાથી કારતક-માગશરમાં લગ્નનાં મુહૂર્તો નથી.

પોષ વદ 05, મંગળવાર તા. 26-01થી લગ્નનાં મુહૂર્તો છે. છતાં ઘણાયે લોકો સિંહસ્થ ગુરુમાં લગ્નો કરે છે તે શુભ નથી અને શુભ કરવા માટે ગુરુ અને સૂર્ય ગ્રહના મંત્રો લગ્ન પહેલાં જપ કરાવી લેવાથી જિંદગી શુભ બને. નહીંતર ગ્રહો તેના પરચા બતાવે જ છે.

તુલસીવિવાહ (ભગવાન શાલિગ્રામ અને માતા તુલસીનો વિવાહ) કરાવવાથી કેટલાક વિશેષ આધ્યાત્મિક અને પારિવારિક લાભ પ્રાપ્ત થાય છે:

કન્યાદાનનું પુણ્ય:

જે દંપતી કે પરિવાર શ્રધ્ધાપૂર્વક તુલસીવિવાહનું આયોજન કરે છે તેને શાસ્ત્રોમાં 'કન્યાદાન' જેટલા અક્ષય મહાપુણ્યની પ્રાપ્તિ થાય છે.

લગ્નજીવનનાં નડતરો દૂર થવાં

જે લોકોને વિવાહ-લગ્ન થવામાં પણ અડચણો આવતી હોય કે જેના દાંમ્પત્યજીવનમાં કલેશ, તણાવ કે મનમેળની કમી હોય.... તેમનો આ દોષ અને સંકટ તુલસીવિવાહના પ્રભાવથી દૂર થઈ જાય છે.

સુખ-સમૃદ્ધિ અને ધનનું આગમન

માતા લક્ષ્મી અને ભગવાન વિષ્ણુ (શાલિગ્રામ) ની સંયુક્ત કૃપાથી ઘરમાં ક્યારેય પણ ધન-ધાન્ય, સુખ અને શાંતિની કમી રહેતી નથી.

વાસ્તુદોષ અને નકારાત્મકતાનો નાશ

તુલસીવિવાહની પૂજા અને હવન વગેરેથી ઘરની નકારાત્મક ઊર્જા દૂર થાય છે અને વાસ્તુદોષોમાંથી મુક્તિ મળે છે.

સંતાનસુખની પ્રાપ્તિ

જે દંપતીઓને સંતાન સુખ પ્રાપ્ત થયું નથી તે જો વિધિ-વિધાનથી ઘરમાં જ કોઈ જાણકાર પાસે તુલસીનું કન્યાદાન કરાવે તો સંતાનપ્રાપ્તિના યોગ બને છે.

સૌભાગ્ય અને આરોગ્ય

સ્ત્રીઓ દ્વારા લાલ ચૂંદડી, ચૂડી, બિંદી (ચાંલ્લો) વગેરે અર્પણ કરીને તુલસી વિવાહ કરાવવાથી અખંડ સૌભાગ્ય મળે છે. સાથે સાથે યશ, જશ તેમ જ સારા આરોગ્યનો લાભ મળે છે.

પર્યાવરણ તેમ જ શુધ્ધતા

તુલસીનો છોડ ઘરની આસપાસની હવાને શુધ્ધ કરે છે અને સકારાત્મક પ્રાણ-વાયુ (ઓક્સિજન) આપે છે.